RESEARCH REVIEW JOURNALS Volume-04 Issue-02 February-2019
ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[UGC Listed Journal]

# શ્રીમદભગવદગીતા એક જીવનમંત્ર

પ્રિયંકા વી. ચૌહાણ

નલિની અરવિંદ એન્ડ ટી.વી. પટેલ, આર્ટ્સ કોલેજ, સરદાર પટેલ યુનિ., વલ્લભ વિદ્યાનગર

**પ્રસ્તાવનાઃ-**

ગીતા માનવમાત્રનું ધર્મશાસ્ત્ર છે. શ્રીકૃષ્ણકાલીન મહર્ષિ વેદવ્યાસની પૂર્વે કોઇપણ શાસ્ત્ર પુસ્તકના રૂપમાં ઉપલબ્ધ ન હતું. શ્રુતજ્ઞાનની આ પરંપરાને તોડતાં તેમણે ચાર વેદ, બ્રહ્મસૂત્ર, મહાભારત, ભાગવત અને ગીતા જેવાં ગ્રંથોમાં પૂર્વે સંચિત ભૌતિક અને આધ્યિત્મક જ્ઞાન રાશીને સંકલિત કરીને અંતમાં સ્વયં જ નિર્ણય આપ્યો કે-

"गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तारैः।
य स्वयं पद्मनभस्य मुखपद्माद्विनिः सृताः।। "

ગીતા સારી રીતે મનન કરીને હદયમાં ધારણ કરવાને યોગ્ય છે જે પદ્મનાભ ભગવાનનાં શ્રીમુખની નિઃશ્રુત વાણી છે તો પછી બીજા અન્ય શાસ્ત્રોના સંગ્રહની શું આવશ્યકતા છે ? માનવસૃષ્ટિના આદિમાં ભગવાન શ્રીકૃષ્ણના શ્રીમુખથી નિઃશ્રૃત અવિનાશી યોગ એટલે શ્રીમદભગવદગીતા જેની વિસ્તૃત વ્યાખ્યા વેદ અને ઉપનિષદ છે.

એક જ શાસ્ત્ર છે જે દેવકી પુત્ર ભગવાન શ્રીકૃષ્ણએ શ્રીમુખથી ગાયુ છે. એ ગાયનમાં જે સત્ય બતાવ્યું છે, તે આત્મા. સિવાય આત્માથી કંઇપણ શાશ્વત નથી. તે ગીતામાં તે મહાયોગેશ્વરે શુ જપવા માટે કહ્યું છે. ? "ૐ" અર્જુન ૐ અક્ષયપરમાત્માનું નામ છે તેનો જપ કર અને ધ્યાન મારૂં ધર એક જ કર્મ છે ગીતામાં વર્ણિત પરમદેવ એક પરમાત્માના સેવક તેમને શ્રદ્ધાથી પોતાના હદયમાં ધારણ કર. અસ્તુ આરંભથી જ ગીતા આપણું શાસ્ત્ર રહ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણના હજારો વર્ષ પશ્ચાત્ત પરવર્તી જે મહાપુરુષોએ એક ઇશ્વરને સત્ય બતાવ્યા. ગીતાના પથ પર ચાલવાવાળા પથિક પણ ગીતાના જ સંદેશવાહક છે ઇશ્વર પાસેથી જ લૌકિક અને પારલૌકિક સુખોની કામના ઇશ્વરથી કરવું, અન્યને ઇશ્વર ન માનવું અહીયા સુધી તો બધાં મહાપુરુષોએ કહ્યું પરંતુ ઇશ્વરીય સાધના ઇશ્વર સુધીની દૂરી નકકી કરવાનું માત્ર ગીતામાં જ સાંગોપાંત ક્રમબદ્ધ સુરક્ષિત છે. ગીતાથી સુખશાંતિ તો મળે જ છે પણ ગીતા અક્ષય અનામય પદ પણ આપે છે.

"ममैवांशो जीवलोके जीवभूतः सनातनः।
मनः षष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति।। "15-7

ભાગવાન કહે છે કે મારો જ સનાતન અંશ આ દેહમાં જીવરૂપ થયો છે અને દેહાદિનો સ્વામી તે જીવાત્મા જયારે શરીરને ધારણ કરે છે ત્યારે પ્રકૃતિમાં રહેલી મન સહિત પાંચ ઇન્દ્રિયોને ખેંચી લે છે. તથા જયારે શરીરને છોડીને જાય છે ત્યારે પણ ગંધના સ્થાનથી વાયુ જેમ ગંધને લઇ જાય તેમ એ ઇન્દ્રિયોને સાથે લઇ જાય છે.

"किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा।
अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम्।। " 9-33

સુખરહિત, ક્ષણભંગુર પરંતુ દુર્લભ માનવશરીરને પામીને મારુ ભજન કર અર્થાત્ ભજનનો અધિકાર મનુષ્ય શરીધારીને છે. મનુષ્યની કેવળ બે જાતિ છે.

"द्वौ भूतसर्गो लोकेडस्मिन्दैव आसुर एव च।
दैवो विस्तरशः प्रोक्त आसुरं पार्थ मे शृणु।। "16-6

મનુષ્ય માત્ર બે પ્રકારનો છે દેવતા અને અસુર જેના હદયમાં દેવી સંપત્તિ કાર્ય કરે છે તે દેવતા છે તથા જેના હદયમાં આસુરી સંપત્તિ કાર્ય કરે છે તે અસુર છે. શ્રીકૃષ્ણ કહે છે કે આ લોકમાં બદ્ધ જીવો બે પ્રકારના છે. દૈવી ગુણવાળા અને આસુરી ગુણોવાળા. દેવી ગુણો લઇને જન્મેલા મનુષ્યો નિયંત્રિત જીવન જીવે છે. એટલે કે તેઓ શાસ્ત્રમાં કહેલા નિયમોનું અને અધિકારી પુરુષોના આદેશોનું પાલન કરે છે. અધિકૃત શાસ્ત્રના વિધાન પ્રમાણે મનુષ્યે પોતાના કર્તવ્ય

RRIJM 2015, All Rights Reserved 

બજાવવાનાં છે. જે મનુષ્ય આ પ્રમાણે કરતો નથી. અને સ્વેચ્છાચાર કરે છે તે આસુરી પ્રકૃતિનો છે.

દરેક કામના ઇશ્વરથી જ પ્રાપ્ત છે. માટે જ ભગવાન કહે છે કે મને ભજીને લોકો સર્ગ સુધીની કામના કરે છે હુ તેમને આપું છુ એટલે કે પરમાત્માથી જ સર્વસ્વ સુલભ છે. ભગવાનનાં શરણમાં જવાથી પાપોનો નાશ થાય છે. સંપૂર્ણ પાપીઓથી અધિક પાપ કરવાવાળો પણ જ્ઞાનરૂપી નૌકા દ્વારા નીઃસંદેહ પાર થઇ જાય છે. આત્માના આધિપત્યમાં આચારણ તત્ત્વના અર્થરૂપ મારા એટલે કે પરમાત્માના દર્શન જ્ઞાત છે અને એનાથી અતિરિકત જે કંઇ પણ છે તે અજ્ઞાત છે. આથી ઇશ્વરની પ્રત્યક્ષ જાણકારી જ જ્ઞાન છે. ભજનનો અધિકાર બધાને જ છે એમ શ્રીકૃષ્ણ કહે છે.

"अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक्।
साधरेव स मन्तव्यः समग्व्यवसितो हि सः।। "9-30

અત્યંત દુરાચારી પણ મારું ભજન કરીને જલ્દી થી જ અને હંમેશા રહેવાવાળી શાંતિને પ્રાપ્ત કરી લે છે આથી જ ધર્માત્મા તે છે જે એક પરમાત્માના પ્રતિ સમર્પિત છે. ભજન કરવાનો અધિકાર દુરાચારીને પણ છે. ધર્મ અર્થાત્ આત્મદર્શનની ક્રીયાનો સ્વતઃ આચરણ પણ જન્મ-મરણના ભયમાંથી ઉદ્ધાર કરાવનારો છે. ધર્મ અપરિવર્તનશીલ છે.

ગીતમાં આપેલો ઉપદેશ સનાતન છે. જગતની જટિલ સમસ્યાઓનું હલ આપણને ગીતામાંથી મળી રહે છે. માણસની અંતરની અને બહારની આધુનિક સ્થિતિ ખૂબ જ શોચનીય છે. આ કટોકટીનું મૂળ કારણ માનસિકતા છે. અત્યારના પ્રચલિત આદર્શોથી અને અદ્યતન સમાજ-વ્યવસ્થાથી માણસને સંતોષ થતો નથી. આના કરતા વધુ પામવાની ચાહના વધારે સારી સમાજ રચના તરફ માનવસમૂહ પ્રયાણ કરવા માંગે છે. તેરા ઔર મેરા બસ એક હી ગમ હૈ હર ઘરમે એક કમરા કમ હૈ.

આધુનિક સમયમાં જોઇએ તો વિજ્ઞાન- ટેકનોલોજીના યુગમાં અવનવાં સંશોધનને પરિણામે માનવે સ્થૂળ જીવન પર સારા પ્રમાણમાં આધિપત્ય મેળવ્યું છે. પરંતુ તેનું અંદરનું જીવન અતિ સંકુચિત હોવાથી બંને વચ્ચે એકતા નથી. જીવનના દરેક ક્ષેત્રે આપણને સંઘર્ષ દેખાય છે. પ્રાચીન પુરાણોમાં કહ્યું છે કે અસુરોએ પોતે સંપાદન કરેલી સિદ્ધિઓથી જ પોતાનો વિનાશ કર્યો હતો. કારણ કે ચિત્તની મલિનતાને લીધે તેમનામાં એ શકતિઓનો સદ્દ્પયોગ કરવાનું બળ નહતું. આજનો જમાનો આનું જ ઉદા. છે. જયાં સુધી માણસ પોતાના આત્માને ઓળખી શકતો નથી. પોતે પરમાત્માનો અંશ છે તેવી તેને અનુભૂતિ થતી નથી ત્યાં સુધી તેના જીવનમાં સંવાદિતા આવી શકતી નથી તે હંમેશા સુખ-દુઃખથી ઘેરાયેલો રહીને વર્તન કરે છે. જીવનના અસાધારણ પ્રસંગે ગવાયેલી ગીતામાં મુકત જીવન પ્રાપ્ત કરવાના જે ઉપાયો બતાવવામાં આવ્યા છે તે આજકાલના માનસને તરત જ અનુકૂળ થાય તેવા છે.

નિરુત્સાહ અને નિષ્ક્રિયતા એ આધુનિક જીવનમાં જે ગંભીર પ્રશ્નો સર્જયા છે તેનો ઉકેલ કર્મયોગની વિભાવનાને સંપૂર્ણપણે અપનાવવાથી જ લાવી શકાશે. વળી, માત્ર નિષ્ક્રિયતાનો ત્યાગ એ જ કર્મયોગ નથી. કર્મયોગ કર્મકૌશલ્ય વિકસાવવા પર પણ ભાર મૂકે છે. શ્રીમદભગવદગીતાને મતે ઇન્દ્રિયનિગ્રહ અનિવાર્ય છે. વૃત્તિઓ અને લાગણીઓ પર મનુષ્યનો કાબૂ હોવો જરૂરી છે. સ્થિતપ્રજ્ઞના લક્ષણો આપતાં ગીતા કહે છે, "વિષયોનું ધ્યાન કરનારા તેમા આસકત થાય છે, આસકિતથી કામના અને કામનાથી ક્રોધ કે ક્ષોભ જન્મે છે. ક્રોધથી વિવેકહીનતા, તેનાથી સ્મૃતિનો નાશ અને સ્મૃતિનાશથી બુદ્ધિનો નાશ પામે તે માનવી સંપૂર્ણ નાશ પામે છે." (2-61-62) આત્મમય જીવન વ્યકિતમાં આત્મશ્રદ્ધાનું નિર્માણ કરે છે. અમૃતત્વની પ્રાપ્તિ ગીતા અનુસાર આત્મમય બનવામાં છે. આ વિચાર ગીતાના પ્રારંભમાં રજૂ થયો છે. મૃત્યુના ભય શોકથી મુકત થવું અને જીવન પ્રત્યેની આસકિતથી મુકત થવું એ જ અમરત્વ. તે પ્રાપ્ત થવાથી જીવન પ્રત્યેની દષ્ટિનું આમૂલ પરિવર્તન થાય છે. ગીતાનો આ વિચાર સંન્યાસી કે ત્યાગી માટે જ નથી. ભારતીય પરંપરા સમગ્ર માનવજાતને 'અમૃતના સન્તાન ગણે છે.' આવુ અમરત્વ પ્રાપ્ત કરી જીવનનું નવસંસ્કરણ કે નવજાગરણ ગીતાને અભિપ્રેત છે. શ્રીમદભગવદગીતાનો સંદેશ જનસામાન્યનો સંદેશ છે. જીવનના સ્વાભાવિક ક્રમ,વૃત્તિઓનો વિચાર છે. નિષ્કામકર્મનો

RRIJM 2015, All Rights Reserved

ઉપદેશ માનસિક રીતે પણ કાર્યમાં એકાગ્રતા આપતો હોઇને કાર્યોની સારી ગુણવત્તામાં ઉપયોગી બને છે.

શ્રીમદભગવદગીતાનો પ્રથમ અધ્યાય અર્જુન વિષાદ યોગ જેમાં અર્જુન ભગવાન શ્રીકૃષ્ણને શસ્ત્ર ચલાવવાનો સમય થાય છે ત્યારે કહે છે કે હે અચ્યુત ! મારો રથ બંને સેનાઓની વચમાં ઊભો રાખો. ત્યારે શ્રીકૃષ્ણ એમ નથી કહેતા કે શું અકકલ વગરની વાત કરે છે ? વચ્ચે જઇને શુ કરીશ ? યુદ્ધનો સમય થયો હવે શું જોવાનું છે ? પરંતુ સારથિ તરીકે પોતાનો રોલ પૂરી શ્રદ્ધાથી અને નિષ્ઠાથી કરે છે. જીવનમાં ગીતામાંથી શીખવા જેવી પહેલી બાબત આ છે કે તમે તમારો રોલ નિષ્ઠાથી ભજવો. મા-બાપ, ભાઇ-બહેન, ગુરૂ-શિષ્ય જે કંઇ ભૂમિકા મળી છે એને નિભાવો તમારાં કર્તવ્યો કરો એ ગીતા શીખવે છે. એ તો પોતે ભગવાન હતા કહી શકતાં કે ના જવાય વચ્ચે. છાનોમાન લડ હવે. અર્જુનને જયારે બે સેનાઓની વચ્ચે લઇ જાય છે ત્યારે અર્જુન કહે છે મારાથી નઇ લડી શકાય, ગળુ સૂકાય છે, ગાત્રો શીથિલ થઇ ગયા છે ત્યારે શ્રીકૃષ્ણની જગ્યાએ બીજો કોઇ હોય તો એક ખેંચીને આપે અને કે કે બેવકૂક આ બધુ અત્યારે કેવાનું હોય, કાલે શીબિરમાં શુ કરતો હતો, એ વખતે કહેવું જોઇતુંને ? પરંતુ શ્રીકૃષ્ણ એમ નથી કહેતાં પરંતુ શાંત શાંતચિત્તે આખો અર્જુનવિષાદ યોગ સાંભળે છે. ગીતા શીખવે છે સાંભળવાનું આપણા સહુની પ્રોબલ્મએ છે કે આપણે કયારેય કોઇને સાંભળતા નથી. તમે કોઇ સાઇક્રેટિસ પાસે જાવ તો પહેલાં એ આપણને સાંભળે છે પછી ઇલાજ કરે છે. શ્રીકૃષ્ણ જેવાં કોઇ સાઇક્રેટિસ નથી.

ગીતા શીખવે છે સવાલો કરતાં અને સવાલોના જવાબ આપતાં ઘરમાં જયારે બાળક સવાલ પૂછે ત્યારે કયારેય એમ ન કહેવું કે તને ના ખબર પડે ચૂપ કર. પરંતુ તેના સંશયને દૂર કરવો. આખા અઢાર અધ્યાય સુધી અર્જુન સવાલ કરે છે અને શ્રીકૃષ્ણ જવાબ આપે છે પંરુત કયાંય એમ નથી કહેતો કે બસ કર હવે બવ પૂછયું. ગીતા જો દસ વર્ષનું છોકરું હોય ત્યારેથી જ શીખવવામાં આવે તો કોઇ તકલીફ જ ઊભી ન થાય. જે તું કરીશ એ તારે જ ભોગવવું પડશે. ગીતા શીખવે છે સૌથી પહેલા જવાબદારી તમે જે કરો તેની જવાબદારી તમારી અને એના જે પરિણામ આવે એની પણ જવાબદારી તમારી. મોટાં ભાગના લોકો ગીતાપાઠ કયારે કરાવે ? જયારે કોઇ મૃત્યુ પામે ત્યારે એનો શું અર્થ છે ? આપણે ઘરમાં કોઇ વસ્તુ લાવીએ અને તેનું મેન્યુઅલ ન વાંચીએ અને વાપરીએ અને વાપરતા ના આવડે અને તે બગડી જાય પછી મેન્યુઅલ વાંચવાનો કોઇ મતલબ ખરો ? એટલે જ ગીતા એક જીવનમંત્ર છે. ગીતા શીખવે છે સ્વયં પરંનુ નિયંત્રણ ગીતા ભગવા માટે નથી કેતી પણ લડવા માટે કે પરિસ્થિતિનો સામનો કરવાનું ગીતા શીખવે છે. લડવું એટલે માત્ર યુદ્ધમેદાનમાં જઇ અસ્ત્ર-શસ્ત્રોથી લડવું એ જ નહિ. પરંતુ પોતાના કુરૂક્ષેત્ર રૂપી શરીરમાં રહેલાં અહંકાર, ઇર્ષ્યા, દ્વેષ, આળસ, ક્રોધ આની સામે પણ લડવાનું છે. ગીતા પ્રમાણિકતા શુદ્ધતા સત્ય ક્ષમા શીખવે છે. સાચુ સુખ બતાવે છે. જે ખોટા છે તેમને દંડ આપ અધર્મ સાથે લડ ત્યારે તને અંદરથી સારું લાગશે. સ્વયંના શરણે જવાનું ગીતા શીખવે છે. ગીતાને વાંચી નાખવી એ જરૂરી નથી એનાથી કંઇ નઇ થાય માત્ર અધ્યાયો મોઢે થઇ જશે પણ ગીતાને સમજવી જરૂરી છે અને જીવનમાં ઉતારવી જરૂરી છે.

**ઉપસંહાર:-**

અર્જુનને જે વિષાદ થયો, એવો વિષાદ દરેક વ્યક્તિના જીવનમાં કોઇને કોઇ પ્રસંગે આવે જ છે અને ત્યારે વ્યકિતને ખબર નથી પડતી કે શું કરવું ? ને શું ન કરવું ? તેનો સ્વભાવ कार्पण्यदोषोपहत થાય છે. ત્યારે આ ગીતાશાસ્ત્ર તરફ વળે છે અને ત્યાંથી તેને સુખદુ:ખમાં સમત્વ કેળવીને નિષ્કામ કર્મ કરવાનો ઉપાય મળતા એ પણ જીવનનાં વિકટ પક્ષમાં અર્જુનની જેમ,

"नष्टो मोहः स्मृतिर्लब्धाः त्वत्प्रसादान्मयाच्युत।
स्थितोडस्मित गतसंदेहः करिष्ये वचनं तव।। " 18-93

**"अस्तु"**

RRIJM 2015, All Rights Reserved 